# GUJARAT LEGISLATIVE ASSEMBLY ચૌદમી વિધાનસભા

## છઠ્ઠું સત્ર

## બુધવાર, ૧૧ માર્ચ, ૨૦૨૦

## બપોરે ૧૨:૦૦વાગ્યે

1.
**પ્રશ્નોત્તરી**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ, ઉદ્યોગ, ગૃહ, શહેરી વિકાસ, બંદરો, ખાણ-ખનિજ, માહિતી પ્રસારણ, પેટ્રોકેમિકલ્સ, ક્લાયમેટ ચેન્જ, આયોજન, સાયન્સ એન્ડ ટેકનોલોજી, જળસંપત્તિ, તમામ નીતિઓ અને કોઈ મંત્રીશ્રીઓને ન ફાળવેલ હોય તેવી તમામ બાબતો

(૨) માનનીય પોલીસ હાઉસીંગ, બોર્ડર સિક્યુરિટી, સીવીલ ડીફેન્સ, ગ્રામ રક્ષક દળ, જેલ, નશાબંધી આબકારી, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતી પ્રભાગ, પ્રોટોકોલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

2.
**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્યશ્રી નૌશાદ સોલંકી(દુષ્યંતભાઈ પટેલ, પ્રદિપભાઈ પરમાર અને સીમાબેન મોહીલે) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ)નું ધ્યાન દોરશેઃ-

તાજેતરમાં વિશ્વભરમાં ફેલાયેલ કોરોના વાયરસે હાહાકાર મચાવેલ છે. સમગ્ર વિશ્વમાં અત્યાર સુધીમાં ત્રણ હજાર કરતા વધારે લોકોના મૃત્યુ થયા છે ત્યારે વિશ્વના અનેક દેશોમાં આ વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે ત્યારે ભારત દેશે અનેક દેશોના પ્રવાસીઓના વિઝા પણ રદ કરેલ છે. તેમ છતાં નવા ૬ દર્દીઓમાં આ વાયરસ હકારાત્મક જોવા મળેલ છે. તેમજ ૪૮ કલાકમાં ૧૦ નવા શંકાસ્પદ કેસો જોવા મળેલ છે ત્યારે ગુજરાત રાજ્યમાં આ કોરોના વાયરસ ન ફેલાય તે માટે રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

3.
**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સાતમા અહેવાલની રજૂઆત

**.....સમિતિના માનનીય પ્રમુખશ્રી/સભ્યશ્રી**

4.
**બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી /સભ્યશ્રીનો પ્રસ્તાવ**

" આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય. "

5. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

6.

<u>અરધા કલાકની ચર્ચા (નિયમ-૯૨)</u> (સભાગૃહનું બીજું કામકાજ પૂરું થયા પછી)

**માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશની સુચના :-**

તા.૨૬/૦૨/૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ-૨૩૨૨૧ (અગ્રતા-૩૩) ગાંધીનગર અને ગીર સોમનાથ જિલ્લામાં ખેતીના પાકોમાં થયેલ નુકશાન અંગેના માનનીય કૃષિ મંત્રીશ્રીએ આપેલા લેખિત જવાબ ઉપરથી ઉપસ્થિત કરેલી જાહેર અગત્યની બાબત ઉપર અડધા કલાકની ચર્ચા

ગાંધીનગર-૩૮૨૦૧૦, **શ્રી ડી. એમ. પટેલ,**

**:11 मार्च 2020 11:02 AM**

******************